# Medical Financial Assistance નીતિનો સારાંશ

દર્દીઓને સંભાળ માટે ચુકવણી કરવામાં મદદ કરવા માટે Kaiser Permanente પાસે તબીબી નાણાકીય સહાય Medical Financial Assistance (MFA) કાર્યક્રમ છે. તે Kaiser Permanente દ્વારા પૂરી પાડવામાં આવતી દવા સહિતની જરૂરી સંભાળ માટે તમારા તમામ અથવા આંશિક ખર્ચને આવરી શકે છે. મદદ મેળવવાનો આધાર નીચે વર્ણવ્યા મુજબની નાણાકીય જરૂરિયાત પર રહેલો છે.

**કોણ પાત્ર છે?**
જો તમે ઓછી આવક ધરાવતા હોવ, વીમો ન ધરાવતા હોવ અથવા ઓછો વીમો ધરાવતા હોવ, તો તમે પાત્ર હોઈ શકો છો. સામાન્યપણે, તમે નીચેના સંજોગોમાં નાણાકીય સહાય માટે પાત્ર છો:

- જો તમારા પરિવારની આવક ફેડરલની ગરીબીની માર્ગદર્શિકાના 300% અથવા તેથી ઓછી હોય
- અથવા જો તમારી આવકની સરખામણીમાં તમારો તબીબી ખર્ચ ખૂબ જ વધારે હોય

**કાર્યક્રમ શાના માટે ચુકવણી કરશે?**
MFA કાર્યક્રમ તમને Kaiser Permanente દ્વારા પૂરી પાડવામાં આવતી જરૂરી સંભાળ માટે ચુકવણી કરવામાં મદદ કરી શકે છે. આમાં કટોકટી વખતની અને તાત્કાલિક જરૂરી સંભાળ તેમજ દવાઓ સેવાઓ સામેલ છે. આ કાર્યક્રમમાં બિલની સંપૂર્ણ અથવા આંશિક રકમ આવરી શકાય છે.

આ કાર્યક્રમ નીચેના માટે ચુકવણી નહીં કરે:

- તબીબી પરિવહન
- આરોગ્ય સંભાળ માટેનાં પ્રીમિયમ
- કોસ્મેટિક સર્જરી, વ્યંધત્વને લગતી સંભાળ અથવા સરોગેસી સંબંધિત ખર્ચા
- Kaiser Permanente ની બહાર પૂરી પાડવામાં આવતી આરોગ્ય સંભાળ
- Kaiser Permanente પ્રદાતા જેને તબીબી રીતે જરૂરી ન હોવાનું નક્કી કરે તેવી સંભાળ

સંપૂર્ણ યાદી માટે, kp.org/mfa પર MFA નીતિ વાંચો.

**હું કેવી રીતે અરજી કરી શકુ?**
તમે ઑનલાઇન, પત્ર, ફેક્સ દ્વારા અથવા રૂબરૂમાં અરજી કરી શકો છો. અરજી કરવાની સૌથી ઝડપી રીત એ છે કે kp.org/mfa ની મુલાકાત લો અને તમારી સુરક્ષિત ઑનલાઇન અરજી માટેની લિંક મેળવવા માટે સાઇન અપ કરો. ઑનલાઇન અરજી વખતે તમારી પાત્રતા નક્કી કરવા માટે તમને શ્રેણીબદ્ધ પ્રશ્નો પૂછવામાં આવશે.

તમે kp.org/mfa પરથી ભર્યા વગરની અરજી પણ મેળવી શકો છો.

તમે દાખલ થવાના અથવા બિલિંગની પ્રક્રિયાના કોઈપણ તબક્કે અરજી કરી શકો છો. સહાય માગવા માટે તમારે બિલની રાહ જોવાની જરૂર નથી.

કેટલાક કિસ્સામાં, MFA કાર્યક્રમ તમને અરજી કર્યા વિના જ તમારી સંભાળ માટેની ચુકવણી કરવામાં મદદ કરી શકે છે.

જો તમે મદદ મેળવવા માટે પાત્ર હોવ, તો અમે તમારી પાસેથી સંભાળ માટે સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ (AGB) કરતાં વધુ ચાર્જ નહીં લઈએ. વધુ AGB માહિતી માટે kp.org/mfa નો સંદર્ભ લો.

**અરજી કરવા માટે મને કઈ માહિતીની જરૂર પડશે?**
તમે અરજી કરશો ત્યારે તમને નીચે ઉલ્લેખિત માહિતી પૂછવામાં આવશે:

- પરિવારના સભ્યોની સંખ્યા અને પરિવારના પુખ્ત વયના તમામ લોકોની આવકની માહિતી
- આરોગ્ય સંભાળના ખર્ચ, જો જાણમાં હોય તો
- આવકનો પુરાવો

આવકનો પુરાવો આપવાથી તમે પાત્રતા ધરાવો છો કે નહીં તે નક્કી કરવામાં અમને મદદ મળે છે.



KAISER PERMANENTE®

(આગળથી ચાલુ)

### મને ક્યારે ખબર પડશે કે, મારી અરજી મંજૂર કરવામાં આવી છે કે નહીં?

જો તમારી અરજી સંપૂર્ણ ભરેલી હોય, તો અમે તમને કામકાજના 30 દિવસોમાં અમારા નિર્ણય સાથેનો પત્ર મોકલીશું. જો અમે તમારી વિનંતીને નકારીએ, તો કેવી રીતે અપીલ કરવી તેની સૂચનાઓ પત્રમાં સામેલ હશે.

જો તમારી અરજી અધૂરી હશે, તો અમે તમારો સંપર્ક કરીશું. અમે તમને એક તારીખ આપીશું કે જ્યાં સુધીમાં તમારે ખૂટતી માહિતી પૂરી પાડવાની રહેશે. જો તમારી અરજી અધૂરી જ રહે, તો તમને નાણાકીય મદદ નહીં મળી શકે.

### હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

તમે kp.org/mfa પરથી વધુ માહિતી અને MFA નીતિ તથા અરજી મેળવી શકો છો. સ્ક્રીન રીડર ઍક્સેસિબલ ફોર્મેટમાં ઘણી ભાષાઓમાં માહિતી ઉપલબ્ધ છે. તમે **1-844-412-0919** (TTY **711**) પર પણ કૉલ કરી શકો છો.

## અન્ય નાણાકીય મદદ

### આરોગ્ય સંભાળ માટે ચુકવણીમાં મદદ મેળવો

જો તમે આરોગ્ય સંભાળ કવરેજ ન ધરાવતા હોવ, તો Kaiser Permanente મદદ કરી શકે છે. તમારા વિકલ્પો વિશે જાણવા માટે, સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 9.00થી સાંજે 5.00 વાગ્યા સુધીમાં **1-800-479-5764** (TTY **711**) પર કૉલ કરો.

### જીવનનિર્વાહ માટેના ખર્ચમાં મદદ મેળવો

જો તમને ખોરાક, આવાસ, ઇન્ટરનેટ અથવા અન્ય સુવિધાઓ માટે ચુકવણી કરવા અને તેના જેવી બીજી આવશ્યક બાબતોમાં સહાયની જરૂર હોય, તો kp.org/socialhealth ની મુલાકાત લો. અથવા કમ્યુનિટી સપોર્ટને સોમવારથી શુક્રવાર દરમિયાન, સવારે 8.00 થી સાંજે 5.00 વાગ્યા સુધીમાં **1-800-443-6328** (TTY **711**) પર કૉલ કરો.

## MFA નીતિ, અરજી અને કાર્યક્રમની માહિતીની નકલો કેવી રીતે મેળવવી

**ઑનલાઇન**
kp.org/mfa

**ફોન**
**1-844-412-0919** (TTY **711**) પર કૉલ કરો

## અરજી કરવાની રીતો

**ઑનલાઇન અરજી કરો**
kp.org/mfa

**ફેક્સ કરો**
તમારી સંપૂર્ણ ભરેલી અરજીને 1-855-414-1713 પર ફેક્સ કરો

**પત્ર દ્વારા મોકલો**
તમારી સંપૂર્ણ ભરેલી અરજી આ સરનામે પત્ર દ્વારા મોકલો:
Kaiser Permanente
MFA Program
2101 East Jefferson Street
Rockville, MD 20852

**જાતે આવીને મૂકી જાઓ**
કોઈપણ Kaiser Permanente મેડિકલ સેન્ટરમાં સભ્યની સેવાઓ પર તમારી સંપૂર્ણ ભરેલી અરજી મૂકી જાઓ.

©Kaiser Foundation Hospitals; Kaiser Foundation Health Plan of Mid-Atlantic States

# NOTICE OF LANGUAGE ASSISTANCE SERVICES

**English:** If you need help in your language, language assistance is available at no cost to you, 24 hours a day, 7 days a week (closed holidays). Call our Member Service Contact Center at 1-800-464-4000 (TTY 711) for help or visit any registration desk for more information at any Kaiser Permanente hospital, Monday through Friday, 8 a.m. to 5 p.m. Aids and services for people with disabilities, like documents in braille, large print, audio, and other accessible electronical formats are also available.

**Chinese**：如果您需要使用您的语言获得帮助，我们每周 7 天、每天 24 小时免费提供语言帮助（节假日休息）。请致电 1-800-464-4000 (TTY 711) 联络我们的会员服务联络中心以寻求帮助，或前往任何 Kaiser Permanente 医院的登记台了解更多信息，我们的服务时间为周一至周五上午 8 点至下午 5 点。我们还为残疾人提供辅助工具和服务，例如盲文、大字体、音频和其他无障碍电子格式的文档。

**Spanish:** Si necesita ayuda en su idioma, contamos con asistencia de idiomas sin costo alguno para usted las 24 horas del día, los 7 días de la semana (excepto los días festivos). Comuníquese con nuestra Central de Llamadas de Servicio a los Miembros al 1-800-464-4000 (TTY 711) para obtener ayuda. O visite el mostrador de recepción en cualquier hospital de Kaiser Permanente para obtener más información, de lunes a viernes, de 8 a. m. a 5 p. m. También ofrecemos ayudas y servicios para personas con discapacidades, como documentos en braille, letra grande, audio y otros formatos electrónicos accesibles.